ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૪-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### કોંગ્રેસને હિંદુ સમાજની ઉપેક્ષા પોસાય તેમ નથી

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના કરુણ રકાસ પછી આવા કમરતોડ પરાજયનાં કારણો શોધી કાઢવા વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી એ.કે. અગ્રણીના વડપણ હેઠળ એક સમિતિ રચાઈ હતી. એનાં તારણો પૈકીનું એક કોંગ્રેસ હિંદુ બહુમતી વર્ગ તરફ જાણ્યે-અજાણ્યે સેવેલી ઉપેક્ષા હોવાનું નીકળ્યું હતું. કોઈ પણ રાજકીય પક્ષને દેશની બહુમતી પ્રજાની અવહેલના કરવી પોસાય નહીં. કોંગ્રેસ વિશે છેલ્લાં ઘણાં વર્ષોથી જનમાનસમાં મુસ્લિમો, દલિતો અને આદિવાસીઓ તેમજ પછાત વર્ગોની તરફેણ કરનારા પક્ષ તરીકેની છાપ દઢીભૂત થયેલી છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ 'હિંદુત્વ'ના મુદ્દા પર જ કાઠું કાઢ્યું હતું અને કોંગ્રેસને લઘુમતીઓની વધુ પડતી આળપંપાળ કરતી પાર્ટી ગણાવી આમ જનતાના માનસમાં એની 'હિંદુ વિરોધી' પાર્ટીની છબિ ઉપસે એવો ઝેરીલો પ્રચાર ચલાવ્યો હતો. કોંગ્રેસ આવા પ્રચારની પરવા કર્યા વગર એની લઘુમતી વર્ગ તરફની સહાનુભૂતિ ચાલુ રાખતાં એને ચૂંટણીઓમાં વરસોવરસ ભારે નુકશાન વેઠવું પડ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ ધર્મના નામે રાજકારણ ખેલીને કોંગ્રેસ કહેવાતી બિનસાંપ્રદાયિકતા સામે પડકાર ઊભો કર્યો એટલું જ નહીં, ખુદ લઘુમતી સમાજમાં પણ ધીરે ધીરે કોંગ્રેસ એમનો ફક્ત 'વોટ બેંક' તરીકે જ ઉપયોગ કરતી હોવાનો ખ્યાલ દઢ થતો ગયો છે. વળી, દલિતો અને આદિવાસીઓ સાથે આત્મીયતા કેળવી એમને પણ વિશાળ હિંદુ સમાજનાં જ ઘટકો હોવાનો અહેસાસ કરાવવામાં ભારતીય જનતા પાર્ટી અને એનાં સંરક્ષક પિતૃસંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ધારી સફળથા સાંપડી છે. સચ્ચર કમિટીના અહેવાલ મુજબ લઘુમતીને આરક્ષણ આપવાના મુદ્દાની તરફેણ કરવા જતાં કોંગ્રેસની મુસ્લિમ પરસ્તી વધુ સ્પષ્ટી રીતે ઊપસી આવી, જેનો સીધો લાભ ખાટવામાં સંઘ અને ભાજપના નરેન્દ્ર મોદી જેવા પ્રખર સ્ટાર પ્રચારકોને ઝાઝો શ્રમ પણ નથી કરવો પડ્યો. આમ, કોંગ્રેસની વોટબેંકો પણ વેરવિખેર થઈ ગઈ અને દેશના બહુમતી વર્ગને એના તરફ મુસ્લિમોની વધુ પડતી તરફેણ કરતી હોવાનો પૂર્વગ્રહ બંધાતો ચાલ્યો. આ વિષય પરિસ્થિતિમાં કોંગ્રેસ એક મહાન રાષ્ટ્રીય પાર્ટી તેમજ દેશને આઝાદી અપાવનારી ચળવળમાંથી સાવ જ હાંસિયે ધકેલાઈ જવા પામી છે. દેશના યુવા વર્ગને એનાં ભવ્ય ભૂતકાળની બહુ જ ઓછી માહિતી છે. એને ગાંધી કરતાં મોદી વધુ પ્રભાવશાળી નેતા લાગે છે. વળી કોંગ્રેસમાં વંશવાદનું રાજકારણ ચાલતું રહ્યું હોઈ કોઈ 'માસ લીડર' પેદા થઈ શક્યો નથી. આ બધી પળોજળોથી વાકેફ થયા પછી નાદુરસ્ત પાર્ટીમાં નવો પ્રાણવાયુ સીંચવાની જવાબદારી સ્વીકારનાર કોંગ્રેસના 'યુવરાજ' રાહુલ ગાંધીએ કેદારનાથ પગપાળા યાત્રા કરી તે સહેતુક છે. તેઓ ભલે એમ કહેતાં હોય કે મેં ભગવાન સદાશિવ ભોલે ભંડારી પાસે કશું પોતાના માટે નથી માગ્યું, પણ એમણે કોંગ્રેસના પુનરુદ્ધારની માગણી તો જરુર કરી જ હોય. વળી એમણે ૨૦૧૩ની જળદુર્ઘટનામાં માર્યા ગયેલા શ્રદ્ધાળુ દેશવાસીઓ આત્માઓ માટે શાંતિ પણ પ્રાર્થી છે અને કેદારનાથનાં દર્શનથી એમને 'આગ' જેવી ઊર્જા સાંપડી છે, તે જ સૂચવે છે કે કોંગ્રેસને હિંદુઓની ઉપેક્ષા હવે પછીનાં વર્ષોમાં પોસાય એમ નથી.



(તસવીર : કશ્યપ નિમાવત)

### ગાંધીનગર બન્યુ વાંચનનગર

ગાંધીનગર રાજકીય પાટનગર હોવા ઉપરાંત રાજ્યનું શૈક્ષણિક પાટનગર પણ બની રહ્યું છે. રાજ્યમાં લેવાઈ રહેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગાંધીનગર તાલીમ કેન્દ્ર બ્યુ છે. અને રાજ્યભરમાંથી આ પરીક્ષાઓની તૈયારીઓ માટે યુવાનો ઉમટી આવ્યા છે. હોસ્ટેલમાં અને પેઈંગ ગેસ્ટ તરીકે રહીને વિવિધ ઈન્સ્ટીટ્યુટમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ મેળવી રહેલા આ યુવાનો માટે સે. ૧૭ અને સે. ૨૧ની લાયબ્રેરીઓ વાંચન પ્રવૃત્તિ માટે આશિર્વાદરૂપ બની રહી છે. આ યુવાનોનો ઘસારો એટલો વધુ છે કે લાયબ્રેરીના સભાવાળાઓએ તેમને અધ્યયન ખંડ સિવાય પણ મેગેઝીન સેક્શન કે મુખ્ય વાંચન ખંડ વગેરેમાં બેસીને વાંચવા દેવાની છુટ આપી છે.

# સેક્ટર-૨૮ સમર્પણ વિદ્યા મંદિરમાં વાલી સંમેલન યોજાયું

### નંદા ઓટોમોબાઈલે શાળામાં સ્ટીલના ડાઈનીંગ ટેબલનું દાન કર્યું

ગાંધીનગર, તા.૨૫ સેક્ટર-૨૮ સ્થિત સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર ખાતે સત્રના અંતિમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ અને વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સેક્ટર-૨૮માં આવેલ સમર્પણ મુક બધિર શિશુ વિદ્યામંદિરમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને વચ્ચે વેકેશન પડતા પહેલા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વર્ષભર અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓએ વેકેશન પડવાની ખુશી વ્યકત કરી હતી બાળકોએ મન મૂકીને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.



છેલ્લા દિવસે વાલી સંમેલન યોજાયું હતું. બાળકોના વાલીઓને છેલ્લા દિવસે શાળામાં બોલાવી અલગ અલગ વિષય પર ચર્ચા કરી હતી. આ પ્રસંગે નંદા ઓટોમાબઈલ્સના માલિક જયેશભાઈ નંદા ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા સ્ટીલના ડાઈનીંગ ટેબલનું દાન આપવામાં આવ્યું હતું. તેમજ શાળાના બાળકો સાથે ટેબલ પર બેસીને ભોજન લીધું હતું.

### કડી કેમ્પસમાં સોમવારે ગુજકેટનું માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૨૫

શ્રીમતી આર.સી. પટેલ માધ્યમિક અને એસ.બી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ સેકન્ડરી સ્કૂલના વિજ્ઞાન પ્રવાહનો તા. ૨૭મી એપ્રિલથી ૬ઠ્ઠી મે સુધી સવારે માર્ગદર્શન માટેના વર્ગો નિયમિત ધોરણે લેવામાં આવશે. જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ માટેની ગુજકેટ પરીક્ષા તા. ૭મી મે લેવાશે. જેથી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના 'બી' ગ્રુપના વિદ્યાર્થીઓને ગુજકેટ પરીક્ષાનું માર્ગદર્શન તા. ૨૭મી એપ્રીલના રોજ સવારે ૮ થી ૧૧ શાળામાં આપવામાં આવશે.

શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા તા. ૭મી મે ના રોજ લેવાશે. જેના તાલીમવર્ગ તા. ૨૭મી એપ્રીલના રોજ સવારે આઠ વાગે લેવામાં આવશે. જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

## હરિની દૃષ્ટિ...




મહાદેવ.. આટલી ઠંડી પાડી અમે ના બોલ્યા.. માથા પર બોર જેવા કરા પાડ્યા ના બોલ્યા... વરસાદ પાડી કેરી છીનવી લીધી ના બોલ્યા... પણ હવે આ ભૂકંપ.. ના ચાલે..!!

### ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક મળી

ગાંધીનગર, તા. ૨૫


ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક મળી હતી. બેઠકમાં રાઈટ ટુ એજ્યુકેશન પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહિ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ગત ૨૦ માર્ચના રોજ યોજાયેલી બેઠકમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી યોગ્ય પગલાં લેવાની વાત રજુ કરવામાં આવી હતી. બેઠકમાં સોમાભાઈ પરમાર, જે.સી. પરમાર, ભાનુકાન્ત પરમાર, મૂળજીભાઈ પરમાર સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



### આદિવાડામાં સેવાકીય કાર્ય કર્યું

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર ડીસ્ટ્રીક બ્રાન્ચની બહેનો દ્વારા કપડા અને ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આદિવાડા ગામની આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોને એક જોડી કપડા અને સગર્ભા મહિલાઓને નવા કપડા અને ફ્રુટ વિતરણ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ડીસ્ટ્રીક બ્રાન્ચના કલ્પનાબેન ધોળુ, હિનાબેન ગગલાણી, જયશ્રીબેન ખેતિયા અને હર્ષાબા ધાધલ જોડાયા હતા.

# વેકેશન... મુવીઝ... ઔર ચટપટી ખબરે - તડકા માર કે...!!!



રજળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

લો આવી ગયું વેકેશન.... વેકેશનમાં ધમાલ, મસ્તીની સાથે સાથે એક બીજી પ્રવૃત્તિ પણ બેરોકટોક થાય છે અને એ છે મુવીઝ વોચીંગ યુ નો..!!!!

દિવાળી, ઈદ કે ન્યુ ઈયરની જેમ જ વેકેશન પણ ફિલ્મ રીલીઝીસનો ઈમ્પોર્ટન્ટ પીરીયડ છે... લેટ્સ ચેક સમ ફ્રોર્થકમીંગ વેકેશન મુવીઝ બોનાન્ઝાઝ વીથ ચટપટી ખબરે...! ફિલ્મ રસિકોમાં એક જોક બહુ ફેમસ છે... આમ તો આ જોક નહિ પણ હકીકત છે !! જનરલી એવું થાય છે કે ઈદની આસપાસ સલમાનભાઈનું ફિલ્મ રીલીઝ થવું લગભગ ફીક્ષ જ હોય છે અને એ જ રીતે દિવાળી આસપાસ શ્શ્શ શાહરૂખખાનનું અને ક્રિસમસ આસપાસ મી.પરફેક્ટ આમીરનું..અને બાકીના દિવસો અક્ષયકુમાર અને અજય દેવગણના..! હ..હા..હા..હ આ જોક નહિ પણ હક્કીકત છે, આમીર બે વર્ષે એક ફિલ્મ લઈને આવે ત્યાં સુધીમાં તો દેવગણ ત્રણચાર અને આપણો અક્કી ૭૮ ફિલ્મો આરામથી રીલીઝ કરી નાખે છે. અક્કીને દીવાળી. હોળી કે ક્રિસમસ બ્રીસ્મસ એવું કાઈ નાં નડે...એની ફિલ્મો તો ધડાધડ આવી જ જાય અને અક્કીના સદનસીબે એમાંથી એકબે તો દર વર્ષે ચાલી જ જાય છે. અક્કી કે અજયનો એક ચોક્કસ ચાહક વર્ગ છે. જાન્યુઆરીમાં રીલીઝ થયેલી અને માફકસર સફળ થયેલી પણ પ્રેક્ષકોએ વખાણેલી - બેબી ને હજુ ત્રણેક મહિના માંડ થયા છે ત્યાં અક્કી આવી ગયો છે ગબ્બરના અવતારમાં. હ હ હ હ હ પેલો શોલેવાળો ગબ્બર આઈ મીન અમજદ તો હવે પાછો આવે એમ નથી પણ આ તો અક્કીની આગામી ફિલ્મનું નામ છે... ધ નેઈમ ઓફ ફિલ્મ ઈઝ ગબ્બર ઈઝ બેક

કિતને આદમી થે ની ડણકો મારતો ગબ્બર પહેલી મેં એ સિલ્વર સ્ક્રીન પર ત્રાટકવાનો છે.અક્કી હોય એટલે દિલધડક સ્ટંટ હોય જ પણ ગબ્બર ઈઝ બેકમાં બધી ફાઈટ એકદમ અસલી છે. જો કે આ અગાઉ અક્કીની જ ફિલ્મ બેબીમાં પણ એકદમ રીયલ લાગે એવા ફાઈટ સિક્વન્સ આવેલા જ. ગબ્બરની વાર્તા લખી છે મુરુગાદોસે. આ એજ મુરુ છે જેને આમીરની હીટ ગજની અને અક્કીની જ મસ્તમમસ્ત મુવી હોલીડે પણ લખેલી. એટલે હવે તમે સમજી જ ગયા હશો કે આ ગબ્બર એ સાઉથના કોઈ હીટ મૂવીની રીમેક જ હશે. એક્જેટલી, અસલમાં મુરુ એ ૨૦૦૨ માં ગબ્બરની વાર્તા લખેલી અને તામિલમાં ફિલ્મ બનાવેલી રામન્ના જેમાં વિજયકાંત હતો જે હીટ જતા જ પછીના જ વર્ષે ૨૦૦૩મા એની પણ એક બીજી રીમેક બની તેલુગુમાં ટાગોર નામે જેમાં ચિરંજીવી ગબ્બર હતો. બંને ફિલ્મોએ ટીકીટબારીએ ટંકશાલ પાડી તો ૨૦૦૫મા કન્નડમાં વિષ્ણુવર્ધનને લઈને રીમેક બની વિષ્ણુ સેના નામે અને હવે ૨૦૧૫માં અક્કીની નજર પડી આ વાર્તા પર જેનું પરિણામ એટલે હિન્દી રીમેક ગબ્બર ઈઝ બેક. આટઆટલી સફળ રીમેકો બની છે તો ચોક્કસપણે ફિલ્મની વાર્તામાં જાન હશે જ અને ઉપરથી અક્કી - શ્રુતિ - કરીના અને સંજય લીલા ભણશાળીનું બેનર.આ જ અક્કી - સંજયની જોડીએ ધમાકેદાર રાઉડી રાઠોર આપેલી.. જો કે ગબ્બરમાં કરીના ફક્ત એક સોંગ પુરતી છે..(અરિજિત -પલક મુછ્લના અવાજમાં મસ્ત મજાનું સોંગ તેરી મેરી કહાની)... એક્શન અને અક્કીના ચાહકોને આ વેકેશનમાં મોજાહીમોજા પડવાના.

આ મોજાહીમોજા અને કરીના કપૂર ઉર્ફે ખાન પરથી યાદ આવ્યું કે કરીનાનો વન્સ અપોન એ ટાઈમ પ્રેમી શાહીદ પણ હવે પરણીને ઠરીઠામ થવાની તૈયારીમાં છે . મીરાં હો ગઈ મગનની જેમ દિલ્હીની મીરા રાજપૂત સાથે હૈદરના લગ્નની ચર્ચા ચાલે છે, હવે આ તો ફિલ્મી સિતારા..એટલે એમને દરેક વાતમાં પબ્લીસીટી તો જોઈએ જ પછી ભલેને પોતાના જ લગ્નની વાત હોય. હજુ તો બેય બાજુ હા, નાં, હા, નાં ના અહેવાલો મળી રહ્યા છે પણ જાન્યુઆરીથી ચાલતી આ ગોસીપ ક્યારે સાચી પડે છે એ તો આવનારા સમયમાં જ ખબર પડશે. એમ તો પરણું પરણું તો કેટ બેબી ને રણબીર પણ કરી રહ્યા છે. બોલીવુડનું આ બહુચર્ચિત જોડું લગભગ બધે જ સાથે ને સાથે દેખાઈ રહ્યું છે. પાપા રિશીથી ઉપરવટ જઈને કેટને દુલ્હનિયા બનાવવા રણબીર મક્કમ લાગે છે કેમકે ભારે હ્રદયે રિશીએ એકરાર કરી દીધો છે કે મારે ને રણબીરને હવે કોઈ સબંધો નથી રહ્યા. કહેવાય છે કે આ પ્રેમીજોડાએ પોતાનું જુદું આશીયાનું બનાવી લીધું છે. માં નીતુ તો અમથીય કેટની ખિલાફ જ છે (યાદ છે ને હોળીનો ફોટો નીતુએ ટ્વીટર પર મુકેલો - કેટને ફોટામાંથી એડિટ કરીને !!!)

રણબીરને ખાલી ઘરસંસાર વસાવવાની ચિંતા છે એટલું જ નહિ પણ એને એક બીજી ચિંતા પણ છે અને એ છે આ વેકેશનમાં ૧૫મી જુને રીલીઝ થઈ રહેલી એની ફિલ્મ બોમ્બે વેલવેટ - ના હીટ જવાની..!!! યસ, બોલીવુડના ચોકલેટી બોયને હીટની તાતી જરૂર છે કેમકે મેઈન હીરોના નામે મહેમાન કલાકાર બની ગયેલા પાત્રવાળી રોય બહુ ખરાબ રીતે બોક્સઓફિસ પર પટકાઈ એ સમાચાર હજુ તાજા જ છે. બોમ્બે વેલવેટ અસલમાં જ્ઞાન પ્રકાશની ૧૯૫૦ થી ૧૯૭૦ના મુંબઈની વાર્તા કહેતી નોવેલ પરથી બનાવી છે. દાયકાઓ પહેલાના સમયગાળાવાળી ફિલ્મો આપણે ત્યાં ચાલે કે નાં પણ ચાલે... કાઈ નક્કી નહિ. હમણાં જ આવેલી અને ખરેખર જોવાલાયક પણ છતાય ફલોપ ગયેલી વ્યોમકેશ બક્ષી આનું તાજજુ જ ઉદાહરણ છે એટલે ૧૯૫૦ના લુક વાળો રણબીર કે અનુષ્કા કેટલા સફળ થશે એ પ્રશ્ન છે. પણ સફળ થવા વિષે એક આશા એ છે કે આ ફિલ્મ સાથે કેટલા બધા મહારથીઓ જોડાયા છે. એક તો દિગ્દર્શક ખુદ જ. અલગ પ્રકારની ફિલ્મો માટે જાણીતા અનુરાગ કશ્યપનું દિગ્દર્શન છે એટલે ક્લાસી ફિલ્મ તો હશે જ એમાં બેમત નહિ ઉપરથી રણબીરનો ચાર્મ, અનુષ્કાની અદાઓ અને પ્રથમ વાર ફૂલ ફ્લેજડ રોલમાં (ને એ પણ વિલન...!!!) ક્ક્કક્ક્ક કરન જોહર વધારાનું આકર્ષણ સાબિત થવું જોઈએ. એમ તો કે. કે. મેનન અને હેપ્પી ન્યુ ઈયર ફેઈમ પનીર કા ટુકડા નસીરપુત્ર વિવાન અને એક કેમિયો રોલમાં ઘણા વર્ષો પછી રવિના પણ દેખાશે. આપણા ગુજ્જુ અમિત ત્રિવેદીના સંગીતવાળી આ ફિલ્મનું બજેટ ૯૦ કરોડનું છે એટલે જો બોક્શોફીસ પર ના ચાલે તો ચોક્કસપણે રણબીરની માર્કેટ વેલ્યુમાં ઘટાડો થાય જ એટલે અત્યારે તો રણબીર અને સાથે સાથે કેટની નજરો ઘર વસાવવા કરતા બોમ્બે વેલવેટની સફળતા પર વધુ છે.

આ કેટરણબીરની જુગલજોડી યાદ આવે ને સલ્લુંભાઈ યાદ નાં આવે તો જ નવાઈ! કેટના એક સમયના ફ્રેન્ડફિલોસોફર અને ગાઈડ સલમાનની મુસીબતો ઓછી થવાનું નામ નથી લેતી. હીટ એન્ડ રન કેસનો ચુકાદો એકાદ અઠવાડિયામાં આવશે એની લટકતી તલવાર વચ્ચે બજરંગી ભાય્જાનના ૧૭ વર્ષ જુના ચિંકારા હત્યા કેસમાં પણ મુસ્બીતો અટકવાનું નામ નથી લેતી. હીટ એન્ડ રનમાં તો ભાય હું નહિ પણ લેન્ડ ક્રુઝર મારો ડ્રાઈવર ચલાવતો હતો એવું કહી ચુક્યા છે પણ ચિંકારા કેસમાં તો એ પણ શક્ય નથી કેમકે એમાં એ એકલો નહિ પણ બીજા કેટલાય કલાકારો ઓલરેડી તાજના સાક્ષી બની જાય એમ છે. પૈસા અને રાજકીય કનેકશનોના જોરે આ બંને કેસમાં હજુ સુધી તો સલ્લુ ચુકાદાને અટકાવી શક્યો છે પણ કેટલા દિવસ? અને જો બંને કેસમાં કે કોઈ એક કેસમાં એ કસુરવાર સાબિત થાય (જેની શક્યતાઓ વધુ છે જ) તો આવનારા દિવસોમાં બોલીવુડનો વધુ એક સ્ટાર તિહાર કે પછી બીજી કોઈ જેલના સળિયા ગણતો થઈ જશે એ ચોક્કસ છે.બીઈંગ ર્હ્યુમન બન્યા પહેલાના સલ્લુના અપલખણો હવે અર્ધી જિંદગી વિતાવ્યા પછી સલ્લુની બાકીની લાઈફને કેવીક કિક મારે છે એના પર સલ્લુનું અને સલ્લુ પર લાગેલા હજારો કરોડ રૂપિયાનું ભવિષ્ય ટકેલું છે. કેટની વાત નીકળી તો સલ્લુ યાદ આવ્યો એમ સલ્લુની વાત પરથી એશ યાદ આવે આવે ને આવે જ. જો કે અહી વાત એશ રીલેટેડ છે એષની નહિ. યસ, આ વેકેશનમાં મારધાડથી ભરપુર ગબ્બર, વિન્ટેજ લુકવાળા રણબીરની સાથે સાથે એક બીજી પણ ઈન્ટરેસ્ટીંગ ફિલ્મ રજુ થવા જઈ રહી છે જેમાં છે એષસસુર અને વન એન્ડ ઓન્લી ધ બચ્ચન...!!! ગબ્બરના પછીના જ અઠવાડિયે સુજીત સરકાર લઈને આવી રહ્યા છે પીકુ ...હહહહહ આ અમીરની પીકે નો ભાગ બીજો નથી પણ ૭૦ વર્ષના અને સતત ઉમરની કચકચ કરતા પિતા (અમિતાભ ) અને યુવાન ખુબસુરત આર્કિટેક દીકરી (દીપિકા) ની એકબીજા પ્રત્યેની લાગણીઓની વાત કહેતી જરા હટકે ફિલ્મ છે. પીકુ જોવાનું એક બીજું કારણ એ પણ છે કે એનું થોડું ઘણું શુટિંગ આપણા ગુજરાતમાં પણ થયું છે (કુછ દિન તો ગુજારો ગુજરાત મેં...ની અસર ચાલુ જ છે બોલીવુડમાં). બોલીવુડમાં ટોચ પર પહોચ્યા પછી દીપિકાએ ખરેખર હટકે અને ચેલેન્જીંગ રોલ કરવાનું નક્કી કર્યું હોય એમ પીકુના ટ્રેલર પરથી લાગે છે. આ પહેલા પણ દીપિકાએ ખરેખર જોવાલાયક ફાઈન્ડીંગ ફેની કરેલી હતી, એ પણ એની ગ્લેમર ઈમેજથી વિપરીત હતી અદ્દલ એજ રીતે પીકુમાં પણ દીપિકાનું શરીર નહિ પણ અભિનય જોવાનો લહાવો મળશે એવું લાગે છે. આ ફિલ્મ માટે ખાસ દીપિકાએ બેન્ગાલી ભાષા શીખી છે અને દિગ્દર્શક સુજીતની વાત સાચી માનીએ તો દીપિકા પીકુની હિરોઈન પણ છે અને હીરો પણ. જેમ બોમ્બે વેલવેટમાં ઘણા વખત પછી એક નાના રોલમાં રવિના જોવા મળશે એવી જ રીતે પીકુમાં પણ મૌસમી ચેટરજી જોવા મળશે આ ઉપરાંત ઈરફાનખાન અને રઘુવીર યાદવ પણ... યસ મુંગેરીલાલ કે હસીન સપને વાળો જ તો...!!!

એવું નથી કે આ વેકેશનમાં આવી હટકે ફિલ્મો જ આવી રહી છે, નાકનું ટેરવું ચડાવ્યા વગર વાચી કાઢો કે પીકુ ની સાથે સાથે જ સન્નીબેન લીયોની પણ પોતાનું એક ચલચિત્ર નામે કુછ કુછ લોચા હૈ લઈને આવી રહ્યા છે. જી હા, એ જ સન્નીબુન છે કે જેનું એક પહેલી લીલા પહેલા જ વિકમાં કોઈ પણ લીલા કર્યા વગર ધૂળ ચાટતું થઈ ગયું છે. આ કુછ કુછનું અસલ નામ **patel** - પટેલ રેપ્સ હતું કેમકે ફિલ્મમાં હીરો રામકપૂરનું નામ પણ પ્રવીણ **patel** - પટેલ જ છે. સેક્સી કોમેડી તરીકે પ્રચાર કરાયેલા આ ફિલ્મમાં સન્ની તો સમજયા પણ રામકપૂર શું કરતો હશે એ યક્ષ પ્રશ્ન છે..! એ જ રીતે બોમ્બે વેલવેટની સાથે જ ઈશ્કેદારીયા રીલીઝ થશે જેનો હીરો છે મહાઅક્ષય ચક્રવતી...! હે? નાં ઓળખ્યો આને? મહાઅક્ષય ઉર્ફે મિમોહ ઉર્ફે મિથુનદાનો પોરિયો. જો કે એને તો હવે મિથુનદા પણ ભૂલી ગયા હશે તો આપણે યાદ કરીને પણ શું કામ છે?

મેં ના છેલ્લા વીકમાં એક મસ્ત મલ્ટીસ્ટારર કોમેડી ફિલ્મ આવવાનું છે એની વાત કરીએ એ પહેલા બે ઓછા જાણીતા મુવીઝ વિષે વાત કરીએ. ઘણી વાર કોઈ નોંધ નાં લેતું હોય એવા સમયે કોઈ ક્વીન જેવું મુવી સુપર હીટ થઈ જતું હોય છે. ૨૧ મી મેં એ અરસદ વારસી અને જેકી ભાગનાનીનું વેલકમ ટુ કરાંચી આવે છે. ખિલાડી ૭૮૬ના દિગ્દર્શક અને રોહિત શેટ્ટીની બધી જ ગોલમાલ સીરીઝની ફિલ્મોના આસી.ડાઈરેકટર એવા ટેલેન્ટેડ આશિષ મોહનની આ ફિલ્મ પાસપોર્ટ વગર ભૂલથી પાકિસ્તાનમાં જઈ ચડેલા અને પછી ત્યાંથી છટકીને ભારત પાછા આવવાના અરશદ અને જેકીના તાલીબાની પ્રયત્નોનું કોમેડી નિરૂપણ છે. અરશદની કોમેડી ટાઈમિંગ વિષે કોઈ શંકા નથી એવામાં જો આશિષની ગોલમાલી ટેકનીકો ભળેલી હશે તો આ મુવી કદાચ મેં૨૦૧૫નું ક્વીન સાબિત થઈ શકે. જો કે ૨૨ મેં ના રોજ ખુદ કવિનનું પણ મુવી આવે જ છે. ૨૦૧૧માં રીલીઝ અને સારું એવું સફળ રહેલા તનુ વેડ્સ મનુ ની સિકવલ લઈને રાંજણાના દિગ્દર્શક આનદ રાય કંગના રાનાવત, માધવન અને જીમ્મી શેરગીલની અસલ કાસ્ટ સાથે આવશે આ ઉપરાંત કેમિયો રોલમાં ધનુષ પણ હશે. જોવાનું એ રહે છે કે આ તનુ અને મનુ ભાગ - ૨ માં કેવીક જમાવટ કરે છે?

અને અંતમાં વેકેશન પૂરું થવાના છેલ્લા વીકમાં યાની કી ૨૯ મેં ના રોજ હાસ્યનો એટમબોમ્બ ફૂટવાનો... સુપરહિટ કોમેડી ફિલ્મ વેલકમ ની સિકવલ વેલકમ બેક - ના રૂપે!!.. મજનુભાય (અનીલ કપૂર) અને ઉદય શેટ્ટી(નાના પાટેકર)ની જુગલબંધી હજુ પણ જેટલીવાર ટીવી પર આવે એટલી વાર જોવી ગમે એવી છે. જો કે આ સીક્વલમાં અનીલ, નાના અને પરેશ સિવાય બાકીના કલાકારો નથી. સીક્વલમાં જહોન અબ્રાહમ, શ્રુતિ આસને નાસીરુદીન આવી ગયા છે. પણ જો અનીસ બઝમી એ જ પુરાના સુકર કર કી આજ મજનુ ભાય કે હાથ મેં બ્રશ હૈ ગન નહિ ...કે પછી કંટ્રોલ ઉદય કન્ટ્રોલ ...કે સુપર ફન્ની આલું લે લો ...કાંદા લે લો જેવી ફેક્સાફાડ કોમિક સિચ્યુએશન ક્રિયેટ કરવામાં સફળ રહ્યા હશે તો વેલકમ બેક આ વેકેશનનું સૌથી સફળ મુવીઝ સાબિત થવાનું કેમકે વેલકમ હજુ આજે પણ દર્શકોના દિમાગમાં હસી ના ફૂવ્વારા ઉડાવી રહ્યું છે. જો કે દર્શકો ફિરોઝખાનની એ બાદશાહી અદા અને કેટરીના - અક્ષયનો રોમાન્સ જરૂર મિસ કરશે..!! જોઈએ આ બધી મુવીઝ વેકેશન ને કેવુક વેલકમ કહે છે...!?